**૧. શૈલેષકુમાર પ્રેમભાઈ ચૌધરી**

વિષય: **"ગ્રામીણ વિકાસમાં ભૂમિકા અને મહત્વ અંગેનો અભ્યાસ" (બનાસકાંઠા જિલ્લામાં સુઈગામ તાલુકાના ભરવાડ ગામના સંદર્ભે }**

**વર્ષ 2022-23**

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એ બાળકેન્દ્રિત અને ઉચ્ચ શિક્ષણની સંસ્થા છે. તેમાં સમાજકાર્યનો અભ્યાસ એ ગ્રામીણ જીવન સાથે સીધો સબંધ ધરાવે છે. તેથી ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના વિધાર્થીએ સમાજને ધ્યાનમાં રાખીને તેની જીવનશૈલી, રોજગારી, ખેતી, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય તેમજ સામાજિક સ્થિતિ વિશેનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા સમસ્યાઓ વિશે જાણવા અને ગ્રામીણ સમુદાયથી વાકેફ બનવા સંપૂર્ણ પ્રયત્ન કરવામાં આવે છે. તે પ્રક્રિયા અંતર્ગત પ્રસ્તુત સંસોધન હાથ ધરવામાં આવે છે. "લોકો એ રાષ્ટ્રની વાસ્તવિક સંપત્તિ અથવા ધન છે. એક રાષ્ટ્ર જે મહત્તમ સંખ્યામાં સુખી લોકોને સુવિધા આપે છે, તે સૌથી ધનિક રાષ્ટ્ર છે-- મહાત્મા ગાંધી. વિકાસ એ એક ધ્યેય અને તેની કુદરતી ઘટના તરીકે સાર્વત્રિક સર્વોચ્ચતા છે. વિષય તરીકે વિકાસ મૂલ્ય લોક ખ્યાલ છે. દરેક વ્યક્તિગત કુટુંબ, સમુદાય અને રાષ્ટ્ર આ ઉદ્દેશ્ય હાંસલ કરવા ઈચ્છે છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ હોવાને કારણે સમૃદ્ધિના આવા માપદંડો સાથે રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા ખરેખર પડકારજનક છે. સત્તાનું વિકેન્દ્રીકરણ એ એક રીત છે કે જે ભારતે સ્વતંત્રતા પછીથી અસરકારક અને અસરકારક રીતે આવા પડકારનો સામનો કરવા માટે પસંદ કર્યું છે. ભારતમાં સત્તાના આવા વિકેન્દ્રીકરણનો સાર 'ગ્રામસભા' છે જે સ્થાનિક સ્વરાજ્ય અથવા પંચાયત રાજ વ્યવસ્થાનું સૌથી મહત્વપૂર્ણ સ્તર અથવા એકમ છે. પંચાયત રાજ વ્યવસ્થાના ઈતિહાસમાં 24મી એપ્રિલ 1993નો દિવસ નોંધપાત્ર ગણી શકાય. આ દિવસેબંધારણનો 73મો સુધારો લાગુ કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ સ્તરીય પંચાયત રાજ પ્રણાલીની રજૂઆત કરવામાં આવી હતી જેણે ગ્રામસભા અને પંચાયત રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપ્યો હતો.

ગ્રામસભા એ સામાન્ય નાગરિકની જરૂરિયાતો અને ઈચ્છાઓનું પ્રતિનિધિત્વ કરવાનો ઈરાદો છે જે વર્ગ, જાતિ, લિંગ, ભેદ અને રાજકીય પક્ષપાતને ધ્યાનમાં લીધા વિના વસ્તીના સામાન્ય સમૂહને અપીલ કરે છે. તે સર્વોપરિતાનો ઉલ્લેખ કરે છે. લોકો ગ્રામસભા ગામના દરેક મતદારોને સ્થાનિક સ્તરે નિર્ણય લેવામાં ભાગ લેવા સક્ષમ બનાવે છે. તે ગામના લોકોને તેમની સામાન્ય સમસ્યાઓને મળવા અને ચર્ચા કરવા અને પરિણામે સમુદાયની જરૂરિયાતો અને આકાંક્ષાઓને સમજવા માટે એક રાજકીય મંચ પ્રદાન કરે છે, તેથી તેને સ્થાનિક સ્વરાજ્યની આત્મા કહેવામાં આવે છે.

ગ્રામસભા એ પ્રથમ આધુનિક રાજકીય સંસ્થા છે જે ચૂંટાયેલા પ્રતિનિધિઓની મધ્યસ્થી વિના સીધી રાજકીય સત્તા લોકોના હાથમાં મૂકવા માંગે છે. તે પ્રતિનિધિથી રાજકીય લોકશાહી અને રાજકીય ગતિશીલતા સુધીની ચળવળનું પ્રતિનિધિત્વ કરે છે.

**૨. ઠાકોર રાજેશ્વરી ભરતજી**

વિષય: **મોબાઈલ ઉપકરણના ઉપયોગથી બાળકો પર થતી અસર એક અભ્યાસ**

વર્ષ 2022- 23

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. ૨૧મી સદીમાં સંચાર ક્રાંતિમાં નવીનતા વધી છે. ઇન્ફર્મેશન ટેકનોલોજીની સમગ્ર દેશની સાથે સાથે ભારત દેશમાં પણ તેનો વ્યાપ અને વિસ્તાર વધ્યો છે. અનેક નવી ચીજ-વસ્તુઓના સંશોધનો થયા છે. જેમ જેમ નવી ટેકનોલોજીનો વિકાસ થયો તેમ તેમ માનવ સમાજ પર તેની દુરગામી અને વ્યાપક અસરો પડી છે. જેની સારી કે ખરાબ અસર માનવ સમાજ પર જોવા મળે છે. વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાએ આધુનિક સમાજનું એક અભિન્ન અંગ બની ગયું છે. ભૂતકાળમાં સંદેશાની લેવડ-દેવડ માટે તાર-ટપાલ, ટેલિગ્રામ, ટેલિફોન જેવા મર્યાદિત સાધનોનો ઉપયોગ થતો હતો, પરંતુ આધુનિક સમયમાં તેનું સ્થાન ફેસબુક, ઓરકુટ, યુટ્યુબ, ટ્વીટર, વોટ્સએપ, મેસેન્જર વગેરે મીડિયાનાં સાધનોએ લઈ લીધું છે. સંદેશા વ્યવહારના સંશોધનમાં પણ દિન-પ્રતિદિન ક્રાંતિ થઇ છે. માનવજાતિના ઇતિહાસમાં વખતોવખત આર્થિક, સામાજિક અને રાજકીય ક્રાંતિને પરિણામે પરિવર્તનો આવ્યા છે. માનવજીવનની તરાહને ધરમૂળથી પલટી નાખનારી આવી બે ક્રાંતિ છે. ઔદ્યોગિક ક્રાંતિ અને સંચાર ક્રાંતિ. આ બંને ક્રાંતિની વ્યાપકતા કે એના પ્રભાવની વિસ્તૃતતા ભલે જુદી જુદી હોય, પરંતુ આ બે ક્રાંતિઓએ માનવસમાજ પર અસર કરી છે. તે માંથી સંચારએ કાંતિએ સંદેશાઓ પહોંચાડવાની શક્તિ માનવીએ કલ્પના પણ કરી ના હોય તેટલી વધારી દીધી. આજે દુનિયાના કોઈ પણ બનતી મહત્વની ઘટનાની જાણકારી ફક્ત બે મીનીટમાં સમગ્ર વિશ્વમાં ફરી વળે છે. એજ રીતેસેટેલાઈટનેકારણે હજારો માઈલ દુર બનતો. બનાવ વ્યક્તિ પોતાના ઘરે બેઠા બેઠા જોઈ શકે છે. બાળકોની વર્તમાન પેઢી એવા યુગમાં ઉછરી રહી છે. જ્યારે મોબાઈલ ઉપકરણો રોજિંદા સંચાર અને ક્રિયાપ્રતિક્રિયાનો સામાન્ય ભાગ છે. આ વલણો દર્શાવે છે કે બાળકો જોડાયેલ રહેવા માટે નાની ઉંમરે તેમના અંગત મોબાઈલ ઉપકરણો ધરાવે છે. આનાથી એ પ્રશ્ન ઊભો થાય છે કે કેવી રીતે મોબાઈલ ઉપકરણો સામાજિક સંબંધોની પ્રગતિ અને ડિજિટલ યુગમાં પીઅર ક્રિયાપ્રતિક્રિયાની પ્રકૃતિને બદલી રાધા છે.

હાલના વાતાવરણમાં બાળકો વિવિધ સામાજિક સંમેલનો અને વિકાસના પડકારો સાથે મોટા થઈ રહ્યા છે જેના કારણે બાળકોને લાગે છે કે માતા-પિતા સમજી શકતા નથી પરંતુ ડિજિટલ યુગમાં વાસ્તવિકતા માતા-પિતા મોબાઈલ ઉપકરણની તેમની ઍક્સેસને મર્યાદિત કરે છે કારણ કે માતાપિતા ચિંતિત છે કે બાળકો ગરીબો સાથે મોટા થઈ રહ્યા છે. સામાજિક કુશળતા, અને મોબાઇલ વ્યસની મેળવો. માતા-પિતા ૨૧મી સદીમાં કાર્ય કરવા માટે મોબાઇલ ટેક્નોલોજી અપનાવવાના મહત્વને સ્વીકારે છે, પરંતુ ઘણા લોકો મોબાઇલ ઉપકરણોના ફાયદાઓ વિશે મીડિયામાં ઉપલબ્ધ માહિતીથી મૂંઝવણમાં છે. આ માતાપિતા બાળકી વચ્ચે જનરેશન ગેપ આવી રાહ્યું છે.

મોબાઈલ ફોન આપણા જીવનમાં અનેક સગવડો આપે છે, પરંતુ આપણે તેની નકારાત્મક અસરોથી પણ વાકેફ રહેવાની જરૂર છે મોબાઇલનો ઉપયોગ, સૌથી વધુ સંબંધિત પાસું મોબાઇલ વ્યસન છે. મોબાઈલનું વ્યસન એ એક એવી ઘટના છે જે મોબાઈલના ઉપયોગની અનિયંત્રિતતાને શગતી. આ સમસ્યાવાળા બાળકોને સામાજિક, મનોવૈજ્ઞાનિક અને આરોગ્યનો સામનો કરવી પડે છે.

૩. **ભગોરા પૃથ્વી રાજુભાઈ**

વિષય: **એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિની સામાજિક અને માનસિક સ્થિતિનો અભ્યાસ**

વર્ષ 2023 -24

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

વિશ્વમાં પ્રતિવર્ષ અનેક લોકો એચઆઇવીનો ભોગ બને છે સાચી જાણકારીના અભાવે વિશ્વ અને ભારતમાં એચઆઇવી ગ્રસ્તતાનો વ્યાપ વધતો જાય છે વિશ્વમાં દર પહેલી ડિસેમ્બરે * વિશ્વ એઇડ્સ દિવસ ઉજવાય છે. છેલ્લા દાયકાથી શરૂ થયેલી આ ઔપચારિકતા પરંપરા એઇડ્સ જાગૃતિ માત્ર પ્રતીક નથી, પરંતુ એચઆઈવી ગ્રહત વ્યક્તિઓની પીડા અને તેઓ સમક્ષ ઊભા થયેલા અનેક પડકારોનો પ્રતિકારને વિવિધ દેશની સરકારો સ્વૈચ્છિક સંસ્થાઓ, એઇડ્સ ગ્રસ્ત વ્યક્તિઓના સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ મળીને એચઆઇવીના ચેપને નિયંત્રણ રાખવાનું અભિયાન હાથ ધર્યું છે. એઇડ્સ એક એવી બીમારી જે વાયરસના કારણે ઉત્પન્ન થાય છે. આ વાયરસ ઘાતક નીવડે છે આ વાયરસનું નામ હયુમન ઈમ્યુનો ડેફીસીયન્સી વાયરસ ( Human Immuno Deficiency Virus) જેને ટૂંકમાં એચઆઈવી કહે છે તેને લીધે એઇડ્સ પેદા થાય છે આ વાયરસ જીવાણુથી પણ નાના હોય છે. જેને સાધારણ દૂરબીનથી જોઈ શકાતા નથી. આ વાયરસ બીજી વ્યક્તિઓમાં પણ ફેલાય છે. એચઆઇવી પોઝિટિવ રિપોર્ટ વાળું લોહી ધરાવનાર વ્યક્તિને એઇડ્સ થવાની શક્યતા વધી જાય છે. વાસ્તવમાં એઇડ્સ HIV Infectionની અંતિમ અવસ્થા છે. આજ સુધી આ રોગથી બચવા કોઈ રસી શોધીને વિકસાવવામાં આવી નથી.આ HIV વાયરસનું અંગ્રેજી નામ Human Immunodeficiency Virus છે, જેને ગુજરાતીમાં માનવ રોગપ્રતિકાર ઊણપ વાથરસ તરીકે ભાષાંતરિત કરી શકીએ. આ રોગ ઉત્તરોત્તર શરીરની પ્રતિકાર શક્તિ ઘટાડે છે. જેથી રોગગ્રસ્ત વ્યક્તિને ચેપ લાગવાની અને ગાંઠ થવાની શક્યતા વધી જાય છે. ૨૦મી સદીમાં માનવજાતને ત્રાટકેલી સૌથી ખરાબ આપતી છે. તે અચાનક દેખાવાનું છે, વિશ્વના વિવિધ ભાગોમાં ઝડપથી ફેલાવો એ ખૂબ જ ચિંતાનો વિષય છે. તે રોગચાળો છે જેનું હજુ પણ ઈલાજ નથી. કડક શબ્દોમાં કહીએ તો એઇડ્સ એ કોઈ રોગ નથી પરંતુ ૭૦ કે તેથીવધુ પરિસ્થિઓનો સંગ્રહ છે. એચઆઈવી વાયરસ દ્વારા ચેપના પરિણામે રોગપ્રતિકારક શક્તિ અને શરીરના અન્ય ભાગોમાં થયેલા નુકસાનના કારણે થાય છે.

૪. રાવળ જ્યોત્સના જગદીશભાઈ

વિષય: **કિશોરી વસ્થા દરમિયાન પ્રથમ માસિક સ્ત્રાવના અનુભવનો એક અભ્યાસ**

વર્ષ 2023- 24

**માર્ગદર્શક: ડૉ દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

ગુજરાતી ભાષમાં માસિકસ્ત્રાવને માસિક તરીકે તથા અલગ-અલગ વિસ્તારમાં અલગ-અલગ નામથી જેમ કે ટાઈમમાં થવું.કપડાં આવવા એમસીમાં થવું વગેરે જેવા શબ્દો પ્રયોજવામાં આવે છે. સાદી ભાષામાં કહીએ તો જે રક્તસ્ત્રાવ દર મહિને આવે છે માસિકતથામાસિકને રજોદર્શન, રજોપ્રવૃતિ,આંતર્ગ પ્રવૃતિ,આતર્વદર્શન, ઋતુસ્ત્રાવ, રાજલ્લાવ છેટેબેસવું,અભડાવવું,નાવણ આવવું.ઋતુકાળ,ઋતુદર્શન વગેરે નામથી સંબોધાય છે.

5% સ્ત્રીઓ જેમની ઉંમર ૧૫ થી ૨૪ વર્ષની હોય છે તે માસિક વધારે આવવાની ફરિયાદ લઈને જનરલ પ્રેકટિશનર પાસે જતી હોય છે. આમાંની ૩૫% સ્ત્રીઓને હોસ્પિટલ અથવા ગાયકનોલોગિસ્ત પાસે મોકલવામાં આવતી હોય છે. તેમાંથી 50% સ્ત્રીઓ આવતા વર્ષે સુધીમાં ગર્ભાશયની કોથળી કાઢી નાખવા માટેની સર્જરી કરાવવી પડતી હોય છે .વિકસિત દેશ ઈંગ્લેન્ડમાં ૭૬૦૦૦ ઓપરેશનો ગર્ભાશય કાઢી નાખવા માટે તથા હોય છે . જેમાંથી ૩૦% ઓપરેશનોનું કારણ ફક્ત અનાતર્વ છે . આ પરિસ્થિતિ વિકસિત દેશોની છે .

ભારત દેશની સ્ત્રીઓમાં લોહતત્વ વિશેની ઊણપ જોવા મળે છે. આ ઉપરાંત હાઈપોથરોડીઝમ ને કારણે ૫૬% સ્ત્રીઓમાં માસિક વધુ આવતું એક અભ્યાસમાં જોવામાં આવેલ છે . ડાયાબિટીસ, થાઈરોઈડ જેવી બિમારીઓના કારણે પણ માસિક ધર્મમાં અનિયમિતતાની ગરબડ ઊભી થાય છે . શરીરમાં વિટામિનની ખામીના લીધે પણ અનિયમિતતા જોવામાં આવે છે .તેનું મુખ્ય કારણ આ છે કિશોરઅવસ્થાનો સમયગાળો એ જુદા-જુદા વૈજ્ઞાનિકોના મત પ્રમાણે અલગ અલગ હોય છે પણ આ સમયગાળાને ચોક્કસ સમયથી પ્રમાણિત ન કરી શકાય કારણ કે આ સમયગાળો વ્યક્તિ વ્યક્તિ પ્રમાણે બદલાતું રહે છે એટલે કે અલગ અલગ વ્યક્તિઓ પ્રમાણે તેના મતમાં ફેરફાર જણાય છે આથી તેને ટૂંકમાં બાળપણ અને પુકતાવસ્થા વચ્ચેનો સંક્રમણ સમય તરીકે વ્યાખ્યાયિત કરી શકાય તે શારીરિક ,માનસિક બંને પ્રકારના વિકાસનો એક તબકકો છે જે સામાન્ય રીતે તરૂણાવસ્થાથી પૂરતા અવસ્થા સુધીના સમયગાળા દરમિયાન થાય છે કિશોરઅવસ્થા ની સંપૂર્ણ સમજ ઈતિહાસ, સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર તથા આવી અન્ય માહિતી પર આધારિત હોય છે તેથી ૧૯ વર્ષની ઉંમરની વચ્ચેની અવસ્થાને ઈશ્વર અવસ્થા કહેવામાં આવે છે .૧૦ થી ૨૦ વર્ષના સમયગાળામાં છોકરાને છોકરીઓ બંનેની વૃદ્ધિ પ્રબળ હોય છે તે સમય દરમિયાન તેમના આહાર પણ નજર ન રખાય તો તેમની વૃદ્ધિમાં અવરોધ થાય છે એકવાર થાય છે એકવાર કિશોરઅવસ્થા શરૂ થયા પછી શરીરને ચોક્કસ રીતે વધતી છે અને શરૂઆતના વર્ષોમાં વિકાસ ખૂબ ઝડપથી થાય છે તેથી તેને બે તબક્કામાં વિભાજિત કરવામાં આવ્યું છે..

૫ **વિજય જે. પ્રજાપતિ**

વિષય: **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અનુસ્નાતક કક્ષાના વિધાર્થીઓની સામાજિક – આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ**વર્ષ: ૨૦૨૨-૨૩

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અનુસ્નાતક કક્ષાના વિધાર્થીઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિ જાણવાનો છે. દરેક વિધાર્થીઓની પરિસ્થિતિ જોઈએ તો અલગ અલગ જોવા મળે છે. જેમકે આર્થિક, સામાજિક, માનસિક એમ અલગ અલગ દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક-આર્થિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરી સંશોધન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓની સમસ્યાનું વર્ણન કરવામાં આવેલું છે. પ્રસ્તુત અભ્યાસમાં વિષય પ્રવેશને ધ્યાનમાં લઈને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવેલી છે. તેમજ વિદ્યાર્થીઓની આર્થિક-સામાજિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓની ઉંમર ૨૧ વર્ષ કે તેથી વધુ હોય છે. આ ઉંમરે અમુક વિધાર્થીઓના લગ્ન પણ થઈ ગયા હોય છે. આ ઉંમરે તેમનામાં ઘરની સામાજિક જવાબદારીઓનું પ્રમાણ પણ જોવા મળે છે. જેમ કે જેના લગ્ન થઈ ગયા છે અને તેને સંતાનો છે તો વિધાર્થી તેના અભ્યાસ પુરતું ધ્યાનના આપી શકતો નથી. જ્યારે કોઈ છોકરીના લગ્ન થઈ થઈ ગયા છે તો તેને પોતાના સાસરી પક્ષમાંથી અભ્યાસ માટે આવવું બહુ મુશ્કેલ હોય છે. કારણ કે તેને સાસરી પક્ષમાં એક વહુ તરીકેની ફરજો નિભાવવાની હોય છે જેના કારણે કોલેજ આવવા માટે જોઈએ તેટલા પ્રમાણમાં સ્વતંત્રતા ના પણ મળતી હોય.

૬. **રિદ્દિધ પટેલ**

વિષય : **અંગ્રેજી માધ્યમ પ્રત્યે માતૃભાષાની દ્રષ્ટિએ માતા-પિતાના અભિપ્રાયનો એક અભ્યાસ**

વર્ષ : 2022-23

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

આજના આધુનિક યુગમાં આપણે જોઈએ છીએ તેમજ મહેસૂસ પણ કરીએ છીએ કે ટેકનોલોજીને કારણે બધી બાબતે ઝડપી પરિવર્તન જોવા મળે છે.જેમાં બાળકોના શિક્ષણની બાબત પણ જોવા મળે છે.લગભગ વિશ્વના મોટેભાગના શિક્ષણશાસ્ત્રીઓનો મત છે,કે શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોય. પ્રત્યેક વ્યક્તિ માટે તેની માતૃભાષાનું જ્ઞાન આવશ્યક છે તે પોતાના વિચારો સરળ અને શુદ્ધ રીતે મૌખિક અને લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરી શકે છે. સાથે સાથે માતૃભાષામાં અભિવ્યક્ત થયેલા અન્યના વિચારો તેટલી જ સહજતાથી ગ્રહણ કરી શકે.

માતૃભાષા ઉપર પ્રભુત્વ માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો જ આવી શકે, પરંતુ દુઃખ એ વાતનું છે,કે આજે આપણા દેશમાં માતૃભાષાની ઉપેક્ષા થઇ રહી છે અને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપતી શાળાઓ તરફ આકર્ષણ વધી રહ્યું છે. માતૃભાષામાં લખાયેલાં પુસ્તકોના અભાવના બહાના હેઠળ, ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષા તેનું યોગ્ય સ્થાન લઇ શક્તિ નથી. પરિણામે અંગ્રેજી ભાષાના માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓ બૌધિક,માનસિક અને ભાવાત્મક દ્રષ્ટિએ દેશની સંસ્કૃતિ અને જીવન સાથે અનુકૂલન સાધી શકતા નથી.અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ અંગ્રેજી સાહિત્યની નવલકથાઓ, વાર્તાઓ, ચરિત્રો તથા નાટકોનું અધ્યયન કરતા હોઈ, તેઓ માતૃભાષાના સાહિત્યથી વંચિત રહી જાય છે. જેને કારણે તેઓ પશ્ચિમી સંસ્કૃતિ અને સમાજ જીવનથી પ્રભાવિત થાય છે અને પોતાના જ દેશમાં વિદેશી બનીને રહે છે. શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોવાથી, વિધાર્થીઓની બૌધિક ક્ષમતા ઉપર એટલો બધો બોજો પડે છે, કે તેઓ સ્વતંત્ર રીતે ઉચ્ચ વિચારી શકતા નથી. અન્યના કથિત ખ્યાલો ને વિચારોની તેમણે ગોખણપટ્ટી કરવી પડે છે. માતૃભાષાના શિક્ષણનાં સંબંધ કેવળ ભાષા પૂરતો સીમિત નથી. માતૃભાષા સંસ્કારનું માધ્યમ બની રહે છે. તેના થકી થતા અધ્યયનથી ચાતૃર્ય, શિષ્ટાચાર, ચારિત્ર્ય નિર્માણ, ભાવનાનો વિકાસ, સંસ્કૃતિનું જ્ઞાન ઉદાત બાબતો ખીલે છે. યુનીવર્સિટી એજ્યુકેશન કમીશન તથા અન્ય શિક્ષણ પંચોએ પણ આ વાતનું સમર્થન કર્યું છે.

૭. **દિશા. આર. કડછા**

વિષય- **પ્રાથમિક શાળાના શિક્ષકોને વધારાની કામગીરી સોંપવાથી શિક્ષણમાં પડતી અસર અંગેનો અભ્યાસ**

વર્ષ- ૨૦૨૨-૨૩

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

શિક્ષણની પ્રક્રિયા જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે તેમા શિક્ષકની પ્રક્રિયા મૂળભૂત છે. શિક્ષણ એ કળા છે. શિક્ષક કલાકાર છે. શિક્ષણ એ પરિવર્તનશીલ ધરા છે. શિક્ષણની પ્રક્રિયાના ત્રણ ઘટકો તરીકે શિક્ષક, વિદ્યાર્થી અને વાલીનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં શિક્ષણની પ્રકીયા એક ધ્રુવી ન રહેતા ત્રિધ્રુવી બની છે. જેના ત્રણ ધ્રુવો તરીકે શિક્ષક, વિદ્યાર્થી અને સમાજ ભાગ ભજવે છે. શિક્ષણનુ મહત્વ શબ્દોમાં અંકિત કરવું મુશ્કેલ છે. દુનિયાના દરેક રાષ્ટ્રના ઘડતરમાં તે રાષ્ટ્રના ડોક્ટર ઈજનેર, વૈજ્ઞાનિકો, સાહિત્યકાર અને મજુર વગેરે પોતાની આગવી ભૂમિકા ભજવે છે. પરંતુ આ બધાને મઠારવાનું કે ઘાટ આપવાનું કામ શિક્ષકનું છે. આ શિક્ષક વિના સમગ્ર શિક્ષણ પાંગળું જોવા છે. પ્રો.હુમાયુ કબીરના મત અનુસાર, "WITHOUT GOOD TEACHERS EVEN THE BEST SYSTEM IS BOUND TO FAIL WITH GOOD TEACHERS EVEN THE DEFECTS OF THE SYSTEM CAN BE LARGLY OVERCOME" સારા ગુણાવતાયુક્ત શિક્ષકો વિના કોઈપણ શિક્ષણનું તંત્ર નિષ્ફળતાને વરે છે. જો સારા શિક્ષક હોય તો તંત્રની ખામી આપોઆપ મહદઅંશે દૂર કરી શકાય છે.

ગુજરાતનો આર્થિક વૃદ્િધ દર અને વિકાસ ખુબ ઉંચો છે. પણ રાજ્યમાં શિક્ષણ અને શિક્ષકોની સ્થિતિ કેવી છે તે ચર્ચાનો વિષય છે.પ્રાથમિક શાળાએ માનવ સમાજ વિકાસ માટે મહત્વનું પરિબળ છે.જેમાં શિક્ષણ એ જનતાની કેળવણી છે. ઈ.સ ૧૯૧૮થી પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવાની શરૂઆત થઇ ચૂકી હતી. ૧૯૪૬-૪૭ માં પ્રાથમિકશાળામા અભયાસ કરતા ધોરણ ૧થીપ અને (૬થી૧૧વયજૂથ) મા ભણતા વિદ્યાર્થીઓનું પ્રમાણ કુલ વસ્તીના ફક્ત૩૫% જેટલું શિક્ષણ જોવા મળે છે. આજના પ્રવર્તમાન સમયમાં શાળા મહાશાળાઓમાં શિક્ષકનું પ્રમાણ ચોક્કસ ઘટ્યું છે. જેના માટે અમુક અંશે શિક્ષણ જવાબદાર ગણવામાં આવે છે. આ માટે શિક્ષણ આપનાર શિક્ષક પાસે સમાજ અને રાષ્ટ્ર મૂલ્યોની અપેક્ષા રાખે છે. શાળાના શિક્ષકોને વધારાના કાર્યભારણ જેવા કે આધારકાર્ડ, ચુંટણીકાર્ડમા ફેરફારો વસ્તીગણતરી જેવા કામ પ્રાથમિક શાળાના શિક્ષકોને સોંપવામાં આવે છે. જેના કારણે તેઓ પ્રાથમિક શાળામાં આવતા બાળકોને શિક્ષણમાં પુરતો સમય આપી શકતા નથી. તેમજ જેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી હોતી કે જેમના માતા-પિતા પણ શિક્ષિત નથી હોતા તેવા બાળકો ઘરે પણ અભ્યાસ કરી શકતા નથી જેથી તેમના શિક્ષણ પર અસર થાય છે અને આવા બાળકોને બીજા બાળકોની સરખામણીમા શિક્ષકોનો પાયો કાચો રહી જાય છે. જેના કારણે બાળકોના ભાવિ પર અસર પડે છે.

બાળક આ દેશનું ભવિષ્ય છે. એવું કહેવામાં આવે છે. તેમના વિકાસની સાથે જ્ઞાન વૃદ્િધ થતા તેઓ સારું જ્ઞાન મેળવતા ની સાથેજ દેશનો પણ વિકાસ કરી શકે છે. પરંતુ શાળામાં શિક્ષકોને શિક્ષણ માટે પુરતો સમય ન મળતા શિક્ષણની વિવિધ સમસ્યા ઉદભવે છે.

૮. **ચૌધરી આઈસા જગદીશભાઈ**

વિષય - **બાપુપુરા ગ્રામ પંચાયત દ્વારા થયેલા ગ્રામ વિકાસના કાર્યો અંગેનો અભ્યાસ**

વર્ષ - ૨૦૨૩-૨૪

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

ઈ.સ ૧૯૨૦માં ગુજરાત જ્યારે મુંબઈ પ્રાપ્ત સાથે સકળાયેલુ હતું ત્યારે 'બૉમ્બે વિલેજ પંચાયત ઍક્ટ 'ઘડાયો હતો. ઈ.સ ૧૯૩૯ માં આ કાયદો ફરીથી ઘડાયો હતો. તેમાં ઈ.સ ૧૯૪૭ માં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા. ઈ.સ ૧૯૫૮માં મુંબઈ ગ્રામપંચાયત અધિનિયમ ઘડવામાં આવ્યો હતો. તે દ્વિભાષી મુંબઈ રાજ્ય (ગુજરાત અને મહારાષ્ટ્ર)માં અમલી હતો. આ કાયદાઓ દ્વારા વિકાસ તથા સત્તાના વિકેન્દ્રીકરણના ખાસ પ્રયત્નો થયા ન હતા.

ગુજરાત રાજ્યની સ્થાપના ૧ મે ૧૯૬૦ના દિવસે થયા પછી પંચાયતીરાજના અમલ માટે લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિની રચના કરવામાં આવી હતી તે સમયના ગૃહમંત્રી શ્રી રસિકલાલ પરીખના નેતૃત્વ હેઠળ બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને ધ્યાનમાં લઈ આસમિતિએ પંચાયતોની રચના કાયદાકીય સત્તાઓ. નાણા સ્રોતો તથા વહેંચણી અને અસ્તિત્વ ધરાવતા કાનૂની મંડળી, જિલ્લા વિકાસ ઘટક, શાળા મંડળો વગેરેની-ભૂમિકા શું રહેશે તે માટે ભલામણો

કરી હતી.આ સમિતિની ભલામણોને આધારે ગુજરાત પંચાપતધારો ૧૯૬૧ ઘડાયો હતો, તેનો અમલ ૧ એપ્રિલ ૧૯૬૩થી રાજ્યના ૧૭ જિલ્લાઓમાં અને કચ્છમાં એપ્રિલ ૧૫,૧૯૬૩થી અને ડાંગ માં જૂન ૧,૧૯૭૨ થી કરવામાં આવ્યો હતો.

ગુજરાત પંચાયતધારો ઈ.સ ૧૯૯૩,૭૩ મા બંધારણીય સુધારા ઈ.સ ૧૯૬૧ માં જરૂરી (૧૯૯૨) ને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્યે પંચાયત ધારા ફેરફારો કરીગુજરાત પંચાયત ધારા - ઈ.સ ૧૯૯૩ ને ઑગસ્ટ ૯૩ માં- વિધાનસભામાં બહુમતી સાથે પસાર કર્યો છે. આ કાયદો ૧૫ એપ્રિલ ૧૯૯૪ થી આખા ગુજરાતમાં અમલી બન્યો છે. નવા ગુજરાત પંચાયત ધારામાં ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતની રચના, ચૂંટણી પદ્ધતિ, પંચાયતોની કામગીરી, જુદીજુદી સમિતિઓ, કર તથા ફંડ, વિકાસ યોજનાઓનું ઘડતર, નાણાંપંચ, ચૂંટણીપંચની રચના વગેરે મુખ્ય બાબતો છે.

૯. **વિપુલજી જી. ઠાકોર**

વિષય - **ઠાકોર સમાજના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ : એક અભ્યાસ**

વર્ષ- ૨૦૨૨-૨૩

**માર્ગદર્શક: ડૉ દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરમાં આવેલી છે. સમાજકાર્ય વિભાગમાં સત્ર-૪માં સંશોધનકાર્ય આવે છે. જેમાં સંશોધકે" ઠાકોર સમાજના બાળકોમાં શિક્ષણના પ્રમાણ અંગેનો અભ્યાસ [ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ( ધોળાકુવા,રિદ્રોલ, ઈટલા, પરબતપુરા, સોલૈયા) ગામના સંદર્ભમાં.]" આ વિષય સંશોધન માટે પંસદ કરેલ છે.

વૃક્ષને વટવૃક્ષ બનાવવું હોય તો તેને જ્યારે જમીનમાં રોપવામાં આવે ત્યારે જેમ છોડ સ્વરૂપે જમીનની ગુણવત્તા, પોષક તત્વો અને પાણીની જરૂર પડે છે તથા તેની માવજત જરૂરી હોય છે તેમ નિત્ય સેવાથી છોડ વિકસીને વટ વૃક્ષ બને છે એમ "સમાજ" જે એક આગવું અંગ છે જે આદિમાનવથી સતત વિકસિત થતો રહ્યો છે તેનું કારણ તેનો ઉદભવ તું શિક્ષણનું મહત્વ.

શિક્ષણ એ મનુષ્યની એક અન્ય ગુણવત્તા છે. શિક્ષણ થકી જ મનુષ્ય પ્રગતિના શિખરે પહોંચે છે. આપણા વ્યક્તિત્વને પરિપૂર્ણ કરવા માટે અને આ વિશ્વની સંપૂર્ણપણે સુખમય અને સમૃદ્ધ બનાવવા માટે પણ શિક્ષણ અનિવાર્ય છે. સામાન્ય રીતે શિક્ષક, ગૃહિણી, માતા-પિતા, ખેડૂત, વહીવટીદાર વેપારી ધર્મગુરુ, સૈનિક, કલાકાર, કારીગર, રાજકારણીઓ શિક્ષણ ની પરિભાષા જુદી રીતે કરતા હોય છે.

"શિક્ષણ એ સ્વસ્થ શરીરમાં રહેલા સ્વસ્થ મનની એવી અવસ્થા છે જે મનુષ્યની કાર્યક્ષમતાને ઉજાગર કરે છે. ખાસ કરીને તેના મસ્તિષ્કને કે જેથી તે પરમ સત્યનેપામી શકે અને સત્યની સાત્વતા અને સુંદરતાને પામી પોતાનું જીવન સુખમય બનાવી શકે "

-એરિસ્ટોટલ

"મનુષ્યને ઈશપરાયણતાની અનુભૂતિ કરાવવાનું નામ શિક્ષણ છે."

સ્વામી વિવેકાનંદ

"મારા મતે શિક્ષણ એવું હોવું જોઈએ જે બાળક અને વ્યક્તિને માનસિક શારીરિક અને આધ્યાત્મિક રીતે શ્રેષ્ઠ બનાવે"

ગાંધીજી

ટૂંકમાં એવું કહી શકાય કે શિક્ષણનો મુખ્ય હેતુ મનુષ્યને સંતુલિત વ્યક્તિત્વ ધરાવતો સમાજ સ્વીકૃત નાગરિક બનાવવાનો છે. જે દેશ અને વિશ્વને ઉન્નતિના માર્ગે લઈ જઇ શકે આમ સમાજ, દેશ, વિશ્વના વિકાસ માટે શિક્ષણ મહત્વનું અંગ ગણાવી શકાય.

જે વ્યક્તિના જીવનમાં શિસ્ત અને કેળવણી થાય તેને સાચા અર્થમાં શિક્ષણ મેળવી કહેવાય, અને એને જ શિક્ષણનું મહત્વ સમજાય. આજ સુધી ઘણી બધી શિક્ષણ પ્રણાલી અમલમાં આવી જેમાં કેટલીક પ્રણાલીઓ લાભદાયક પણ રહી જેમાં પણ ક્રમશઃ ઘણા સુધારા થતા ગયા અને આજની નવી શિક્ષણ પદ્ધતિ મુજબ હાલ નું શિક્ષણ ચાલી રહ્યું છે.

શિક્ષણથી સમાજનો વર્ગ શિક્ષિત થાય છે અને જરૂરી એવા સંસ્કારોનું સિંચન અને બુદ્ધિમત્તા વિશે છે જેનો લાભ તે સમાજની વિવિધ ઉપયોગીતા મુજબ આપી શકે છે અને સમાજના વિકાસમાં પોતાનો ફાળો આપીને ઋણ અદા કરે છે. કોઈ પણ દેશ, રાજ્ય કે શહેર, ગામનો સાચા અર્થમાં વિકાસ કરવો હોય તો તેનો પ્રત્યેક નાગરિક શિક્ષણનું મહત્વ સમજે તો જ શક્ય બની શકે છે. એક કેળવણીકાર ઘણાને સાક્ષર બનાવી શકે છે. જેમ સાક્ષરતા વધે તેમ શિક્ષણનું મહત્વ સમજાય અને તે સમાજ ઉપયોગી બની શકે છે.

નામ :- પરીખ ઈન્દુ

વર્ષ :-૨૦૨૨-૨૩

વિષય :- **ગ્રામીણ સમુદાયના લોકોમાં આરોગ્ય વિશેની સમાજ ,જાગૃતિ, પગલા અને આરોગ્યલક્ષી સેવાઓ સબંધિત સ્થિતિનો એક અભ્યાસ**

વર્ષ :-૨૦૨૨-૨૩

**માર્ગદર્શક: ડો દિનેશભાઈ રાજુભાઈ ચૌધરી**

**સારાંશ**

વૈશ્વિક આરોગ્યની ઉચ્ચતમ ભાવનાથી અંજાઈને જુદા જુદા કર્ણપ્રિયરૂપે વહેતા મુકાયા છે. જેવા કે સર્વે સંતુ નીરામયા, હેલ્થ ફોર ઓલ, પાણી પહેલાં પાળ, રોગને થયા બાદ મટાડવો જે યથાર્થ છે. માત્ર મંત્રોચ્ચાર અને તથાસ્તુના આશીર્વાદથી સૌને આરોગ્ય પ્રાપ્ત થઈ શકે નહીં અને માટે જરૂર છે. આરોગ્ય શિક્ષણ ક્ષેત્રે ભગીરથ પ્રયત્નની અને આરોગ્યના સંદેશ વાહકોની પ્રતિબંધતાની આ કાર્ય અશક્ય નથી પણ ચોક્કસ અઘરું તો છે જ અશક્ય નથી. કારણ કે

શીતળાના રોગથી વિશ્વ મુક્ત થયેલું છે પોલિયોના રોગની વ્યાપકતા ઓછી થઈ છે. નિરક્ષરતા અંધશ્રદ્ધા આરોગ્ય અંગેની જાણકારી અને સમજદારીનો અભાવ નિર્ણય શક્તિનો અભાવ જેવા પરિબળો આરોગ્યના પ્રચાર પ્રસારના કાર્યમાં અંતરાય રૂપ બને છે. આ અંતરાયોને દૂર કરવા માટે જરૂર છે વ્યાપક જન સ્વાસ્થ્ય સશકિતકરણ સ્વતંત્રતાની પ્રાપ્તિ બાદ તે વેળાની દેશ કાળની આરોગ્ય સંબંધિત સ્થિતિને ધ્યાનમાં લઈ ગ્રામીણ સમુદાયમાં લોકોનું આરોગ્ય સારું થાય તે માટેના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા પંચવર્ષીય યોજનાઓમાં પણ આરોગ્ય વિષયક બાબતોને અગ્રીમતા આપવામાં આવેલ છે. સંશોધન કરતા એ પણ આરોગ્ય પર આ અતિ આવશ્યક પાયાને અગ્રીમતા આપવાનું વિચાર્યું જેના પ્રાથમિક આરોગ્ય સંદર્ભે ઉત્તરદાતાઓના પ્રતિભાવ તેમજ ઉપચાર સંદર્ભે ગ્રામીણ લોકોની સમજ અને આરોગ્ય સેવાઓની અસરકારકતા જાણવાનું છે.